જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૩/૧૨/૨૦૨૫ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૬૯૬/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૧૦ કેસ કરી, ૧૦૭ વ્યક્તિઓને ઝડપી, ૭૦૮ લીટર દેશી દારૂ, ૦૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૭૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૫ બિયર ટીન અને ૦૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૬ કેસ કરી ૦૯ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૧,૧૯૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૬૯૭/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૬૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૧૬૯૮/૨૦૨૫**

ઓઢવઃ હેમરાજ સ/ઓ સજ્જનભાઈ કહાર (રહે. મારૂતિનગર રેનબસેરાની બાજુમા ઓઢવ રીંગ રોડ ઓઢવ) એ તા.૦૨/૧૨/૨૦૨૫ ના રોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૯/૧૧/૨૦૨૫ બપોરના ૦૪/૩૦ થી સાંજના ૦૬/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનનો દરવાજો ખોલી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી પતરાની પેટી તોડી પેટીમાંથી સોનાના દાગીના, મોબાઈલ ફોન તથા રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૧,૧૪,૦૦૦/– મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી બી.બી.ચૌહાણ ચલાવે છે.

દાણીલીમડાઃ અલ્પેશ ખેમાભાઇ સોલંકી (રહે. છગનભાઇ રબારીનાં છાપરાં બી.આર.ટી.એસ.બસ સ્ટેન્ડ સામે બહેરામપુરા) એ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૨/૧૨/૨૦૨૫ કલાક ૦૦/૦૦ થી સવારના ૭/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાની જાળીનું તાળું તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાં તથા સોના–ચાંદીના દાગીના કિમત રૂપિયા ૧,૨૪,૫૦૦/– અને રોકડ રૂપિયા ૬૪,૫૦૦/– મળી કુલ રૂપિયા ૧,૮૯,૦૦૦/– મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ હે.કો. શ્રી પરાગકુમાર પ્રફુલચંદ્ર ચલાવે છે.

મંદિરમાંથી ચોરીઃ– **સમાચાર યાદી નં.૧૬૯૯/૨૦૨૫**

પાલડીઃ સુમિતીલાલ શંકરલાલ જૈન (ઉ.વ.૭૦) (રહે. ધનુષધારી સોસાયટી ઘરણીધર દેરાસર પાસે પાલડી) એ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૧/૧૨/૨૦૨૫ બપોરના ૩/૦૦ થી તા.૦૨/૧૨/૨૦૨૫ સવારના ૦૬/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પાલડી અશોકનગર બસ સ્ટેશન સામે ત્રીકમલાલની ચાલીની નજીક જૈન મંદીરના દરવાજાનું તાળું તોડી અજાણી વ્યક્તિ મંદીરમાં પ્રવેશ કરી દાનપેટી ચોરી કરી લઈ ગઈ છે. જે દાનપેટીમાં અંદાજીત રોકડ રૂપિયા ૭૦,૦૦૦/–થી ૮૦,૦૦૦/– હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.એમ.ક્રિશ્ચન ચલાવે છે.

સોનાની ચેઇન ઝુટવી લઈ ગયાઃ– **સમાચાર યાદી નં.૧૭૦૦/૨૦૨૫**

નરોડાઃ વિશાલભાઇ સંતોષભાઇ ગૌસ્વામી (ઉ.વ.૨૬) (રહે. દેવ આશીષ–૦૨ સોસાયટી વસંતવિહાર સોસાયટી પાસે નરોડા) તા.૨૮/૧૧/૨૦૨૫ સવારના ૦૭/૪૫ વાગ્યાના સુમારે રાજચન્દ્ર સર્કલ થી સઘીમાતા મંદિર તરફ જી.ઇ.બી.નજીકથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ વિશાલભાઇ ગૌસ્વામીના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૮૦,૦૦૦/– ઝુટવી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ વિશાલભાઇ ગૌસ્વામીએ તા.૦૨/૧૨/૨૦૨૫ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ ચલાવે છે.

ટ્રેઈનની અડફેટમાં આવી જતા મૃત્યુઃ– **સમાચાર યાદી નં.૧૭૦૧/૨૦૨૫**

રાણીપઃ રણછોડભાઈ ઘુડાભાઇ ગુર્જર (ઉ.વ.૭૦) (રહે. હરીઓમ એપાર્ટમેન્ટ નવા વાડજ) તા.૦૨/૧૨/૨૦૨૫ કલાક ૧૧/૨૦ વાગ્યા પહેલા રાણીપ ગોપાલપુરાના છાપરાં રેલવે લાઈનના પોલ નં–૫૦૩/૭ થી પોલ નં–૫૦૩/૧૦ વચ્ચેના ભાગે રેલવેના પાટા ક્રોસ કરતા હતા ત્યારે ટ્રેનની અડફેટમાં આવી જતા ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે રાણીપ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયમલભાઇ પુંજાભાઇ ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૧૭૦૨/૨૦૨૫**

ચાંદખેડાઃ પરેશભાઇ સ/ઓ તુલશીભાઇ પરમાર (ઉ.વ.૨૩) (રહે. એલ.આઇ.જી.–૭, કેશવ એપાર્ટમેન્ટ ટી.પી–૭૪ ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.૦૨/૧૨/૨૦૨૫ બપોરના ૦૩/૦૦ થી સાંજના ૫/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જગમલભાઈ સુકાજી ચલાવે છે.

વટવા જીઆઈડીસીઃ રત્નાબહેન વા/ઓ ઘવલભાઈ મકવાણા (ઉ.વ.૨૬) (રહે. ચરોતર કોલોની વિઠ્ઠલનગરનો ટેકરો પી.એફ.સ્કુલ પાસે જશોદાનગર વટવા જીઆઈડીસી) એ અગમ્ય કારણસર તા.૦૧/૧૨/૨૦૨૫ સાંજના ૦૭/૩૦ થી રાતના ૧૦/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે છતમાં લોખડની પાઈપ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા જીઆઈડીસી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પુ.મ.સ.ઇ.શ્રી રોશની રાજેશકુમાર ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી